ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# વડોદરા-છોટાઉદેપુર



### સરકારના નવા ઠરાવ સામે અન્નદાતા લાલઘૂમ, પ્રતિ હેક્ટર ખરીદી 18.50 ક્વિન્ટલથી ઘટાડી 10 ક્વિન્ટલ કરાતા આર્થિક ફટકાની ભીતિ

## જુવારની ખરીદી મર્યાદિત કરાતા ખેડૂતોને સંકટ

(પ્રતિનિધિ) વડોદરા. તા.3

ગુજરાત સરકાર દ્વારા જુવારની ખરીદીના નિયમોમાં તાજેતરમાં કરવામાં આવેલા ફેરફાર સામે વડોદરા જિલ્લાના ખેડૂતોમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. એક તરફ કુદરતી આફતો અને પાક નુકસાનીનો સામનો કરી રહેલા ખેડૂતો પર હવે સરકારી નીતિનો બેવડો માર પડ્યો છે. જુવારની સરકારી ખરીદી મર્યાદિત કરી દેવાના વિરોધમાં આજે મોટી સંખ્યામાં ખેડૂતો વડોદરા કલેક્ટર કચેરી ખાતે ઉમટી પડ્યા હતા અને જિલ્લા કલેક્ટર અનિલ ધામેલિયાને આવેદનપત્ર પાઠવી ઉગ્ર રજૂઆત કરી હતી. ખેડૂતોએ ચીમકી ઉચ્ચારી છે કે જો આ 'ખેડૂત વિરોધી' નિર્ણય તાત્કાલિક પાછો ખેંચવામાં નહીં આવે તો આગામી દિવસોમાં સમગ્ર રાજ્યમાં ઉગ્ર આંદોલન છેડવામાં આવશે.


મળતી માહિતી મુજબ, અગાઉ સરકાર દ્વારા પ્રતિ હેક્ટર 18.50 ક્વિન્ટલ જુવાર ખરીદવાનો નિયમ અમલમાં હતો, જેના કારણે ખેડૂતો પોતાની ઉપજ ટેકાના ભાવે સરળતાથી વેચી શકતા હતા. પરંતુ સરકારના નવા ઠરાવ અનુસાર હવે પ્રતિ હેક્ટર માત્ર 10 ક્વિન્ટલ જુવાર જ ખરીદવાની મર્યાદા નક્કી કરવામાં આવી છે. આ નિર્ણયથી ખેડૂતોની ચિંતા બમણી થઈ ગઈ છે, કારણ કે બાકી રહેલી જુવાર તેમને ખુલ્લા બજારમાં ઓછા ભાવે વેચવાની ફરજ પડશે, જે સીધું આર્થિક નુકસાન નોતરશે.

કલેક્ટર કચેરી ખાતે એકત્રિત થયેલા ખેડૂત અગ્રણીઓએ મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, સરકાર એક તરફ ખેડૂતોની આવક બમણી કરવાની વાતો કરે છે અને બીજી તરફ આવા ખેડૂત વિરોધી નિર્ણયો થોપી દે છે. જો સરકાર આ મર્યાદા તાત્કાલિક નહીં હટાવે, તો અમે ગાંધી ચિંધ્યા માર્ગે રસ્તા પર ઉતરીને ઉગ્ર આંદોલન કરવા મજબૂર થઈશું.

ખેડૂતોના વ્યાપક વિરોધ વચ્ચે આજે જિલ્લા કલેક્ટર અનિલ ધામેલિયાને રૂબરૂ મળીને આવેદનપત્ર સોંપવામાં આવ્યું હતું. કલેક્ટરે ખેડૂતોની રજૂઆત અને લાગણીઓને શાંતિપૂર્વક સાંભળી હતી.

## કરજણમાં મકાઈ ખરીદી મુદ્દે ખેડૂતોમાં ભારે રોષ

**હેક્ટર** દીઠ 28 ક્વિન્ટલના બદલે માત્ર 15 ક્વિન્ટલની ખરીદી



(પ્રતિનિધિ) કરજણ, તા. 3

ગુજરાતમાં મકાઈ ખરીદી મુદ્દે ખેડૂતોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. સરકાર દ્વારા અગાઉ પ્રતિ ક્વિન્ટલ 2400 રૂપિયાના MSP ભાવ સાથે હેક્ટર દીઠ 28 ક્વિન્ટલ મકાઈ ખરીદવાની જાહેરાત કરવામાં આવી હતી. ખેડૂતો દ્વારા ઓનલાઈન રજિસ્ટ્રેશન કરી નિર્ધારિત કેન્દ્રો પર મકાઈ પહોંચાડવામાં આવી રહી હતી. પરંતુ કરજણ ખાતે આજે ખેડૂતોને મોટો ઝટકો લાગ્યો, કારણ કે સરકાર દ્વારા રાતોરાત ખરીદીના નિયમમાં ફેરફાર કરીને ખાતા દીઠ માત્ર 15 ક્વિન્ટલ મકાઈ ખરીદવાનો નિર્ણય લેવામાં આવ્યો હોવાનું સામે આવ્યું છે.

ખેડૂતોનો આક્ષેપ છે કે નોંધાયેલી બાકીની મકાઈનું શું થશે? સરકારની આ બદલાયેલી નીતિ સામે ખેડૂતોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. ખરીદી કેન્દ્રના અધિકારી અર્પિત પટેલે જણાવ્યું કે તેમને ખાતા દીઠ 15 ક્વિન્ટલ ખરીદી અંગેનો પત્ર મળ્યો છે અને તે મુજબ જ કાર્યવાહી કરવામાં આવશે.

## વિદેશી દારૂ ઝડપાયો: ૩.૬૨ લાખનો મુદ્દામાલ જપ્ત



(પ્રતિનિધિ), બોડેલી, તા.3

છોટાઉદેપુર જિલ્લાના હર્ષ શર્મા મદદનીશ પોલીસ અધિક્ષકશ્રી બોડેલી ડીવીઝન બોડેલી નાઓએ જીલ્લામાં ગેરકાયદેસર રીતે થતી દારૂની હેરાફેરી તથા સેવનની પ્રવૃતી અંકુશમા લાવવા સારૂ વધુમા વધુ ઇંગ્લીશ દારૂની હેરાફેરીના ગણનાપાત્ર કેશો શોધી કાઢી અસરકારક અને પરીણામલક્ષી કામગીરી કરવા સુચના આપેલ જે અનુસંધાને પી.એસ.બરંડા પોલીસ ઇન્સ્ટક્ટર બોડેલી પોલીસ સ્ટેશન નાઓએ ઉપરી અધીકારીઓની સુચનાઓ મુજબ અસરકારક કામગીરી કરવા સુચના અને માર્ગદર્શન આપી મોનીટરીંગ રાખવામાં આવેલ જે આધારે પોલીસ સ્ટાફની બે અલગ-અલગ ટીમો બનાવી મગનપુરા ગામના પાટીયા પાસે રોડ ઉપરથી વહેલી સવારમાં ત્રણ સ્કુટી મોટર સાયકલો ઉપર લઈ જવાતો ભારતીય બનાવટનો વિદેશી દારૂની કિંગફીશર સ્ટ્રોંગ કલાસીક પ્રિમીયમ ૫૦૦ મીલીની પતરાના બીયર ટીન નંગ -૧૨૦૦ કિં. રૂ.૨,૬૪,૦૦૦/- તેમજ વિદેશી દારૂની હેરાફેરીમાં ઉપયોગમાં લીધેલ સ્કુટી મો.સા.-૦૩| કિં. રૂ.૯૦,૦૦૦/- તથા મોબાઈલ ફોન નંગ-૦૨ કિંરૂ.૮,૦૦૦/- મળી કુલ કિંરૂ.૩,૬૨,૦૦૦/- નો મુદ્દામાલ પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરેલ.

### ગેરકાયદેસર ખનન કરતા લીઝ ધારકોમાં અંકુશ આવશે

## ખાણ ખનીજની ટીમ દ્વારા જબુગામ ખાતે લીઝો ની માપણી કરતાં દહેશતનો માહોલ



(પ્રતિનિધિ) બોડેલી, તા.3

આજરોજ છોટાઉદેપુર જિલ્લા ખાણ ખનીજ વિભાગ ની ટીમ અચાનક બે ગાડીઓ લઈ બોડેલી ખાતેથી ઓરસંગ નદીના પટમાં ઉતરતા ગેરકાયદેસર ખનન કરનારાઓમાં ખડભળાટ મચી ગયો હતો ગેરકાયદેસર ખનન કરનારાઓ ખનીજ વિભાગની ગાડીઓ પાછળ લોકેશન આપવા માટે ભાગમભાગ કરી હતી ત્યારબાદ ખનીજ વિભાગના કર્મચારી નિલેશ પટેલ, સચિન ભાઈ પોતાની ટીમ સાથે મેરીયા ખાતે પહોંચ્યા હતા ત્યાં તેઓ દ્વારા રૂટિંગ લીઝ માપણી ની શરૂઆત કરવામાં આવી હતી એટલે કે વરસાદની શરૂઆત થઈ ગઈ છે ત્યારે લીઝ ધારકો દ્વારા કેટલા પ્રમાણમાં ખનન કરવામાં આવ્યું છે તે બાબતની તપાસ લીઝો ની માપણી કરી હાથ ધરવામાં આવી છે એ વાત સાંભળતા માહોલ શાંત થયો હતો પરંતુ જે લોકોએ ગેરકાયદેસર ખનન કર્યું છે તેઓ માટે ખૂબ જ ચિંતા નો વિષય બન્યો હતો તે લોકો મૂંઝવણમાં આવી ગયા કે આવે તેમને શું થશે ? હવે જોવું એ રહ્યું કે ખનીજ વિભાગની આ કામગીરી બાદ કઈ કઈ લીજમાં કેટલું કેટલું દંડ આપવામાં આવે છે એ તો આવનારો સમય બતાવશે

ઝહીર સૈયદ બોડેલીપોલીસે આ મામલે ગુનો નોંધીને આગળની કાયદેસરની તપાસ શરૂ કરી છે. કારચાલક મહિલાની ઉંમર કેટલી હતી, અકસ્માત બ્રેકની જગ્યાએ એક્સિલેટર દબાઈ જવાને કારણે થયો કે અન્ય કોઈ કારણસર, તે અંગે પોલીસ હાલ પૂછપરછ કરી રહી છે. આ અકસ્માતને પગલે હરણી વારસિયા રિંગ રોડ પર થોડા સમય માટે ટ્રાફિક જામના દ્રશ્યો પણ સર્જાયા હતા.

## ફેક એપ દ્વારા મહિલા સાથે રૂા.૨.૫૬ લાખનીછેતરપિંડી

(પ્રતિનિધિ), ભરૂચ, તા.3

સોશિયલ મીડિયા પર ફ્રી મૂવી અને ટીવી સિરીયલ જોવાની લાલચ આપતી એક .APK ફાઈલના માધ્યમથી સાયબર ઠગોએ 54 વર્ષીય મહિલાનો મોબાઈલ હેક કરી તેના બે અલગ-અલગ બેંક ખાતામાંથી કુલ રૂ. 2,56,000ની ઉચાપત કર્યાનો બનાવ સામે આવ્યો છે.

ભરૂચ જીલ્લાના અંકલેશ્વર તાલુકામાં આવેલ કોસમડી ગામની અંબેવેલી સોસાયટીમાં રહેતાં ભારતી કિશનબાઈ બોરસે નામનાં મહિલાએ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન FIRમાં વિગતો આપી છે કે, તેઓ 12 મે 2026ના રોજ ઈન્સ્ટાગ્રામ પર રીલ્સ સ્ક્રોલ કરી રહ્યાં હતાં ત્યારે 'ફ્રી મૂવી અને ટીવી સિરીયલ'ની એડ આવી હતી. એડ પર ક્લિક કરતાં એક લિંક ખૂલી હતી અને ત્યાંથી .APK ફાઈલ ડાઉનલોડ કરીને ઈન્સ્ટોલ કરતાં જ તેમનો ફોન હેક થઈ ગયો હતો.

ફોનની સ્ક્રીન પર 'સોફ્ટવેર અપડેટિંગ' જેવો મેસેજ દેખાતો હતો. તા.13 મેના રોજ Google Payથી પૈસા મોકલતી વખતે ટ્રાન્ઝેક્શન ફેઈલ થતાં શંકા ગઈ હતી. તુરંત 1930 હેલ્પલાઈન પર ફોન કરીને બંને બેંકના ખાતા બંધ કરાવી દેવામાં આવ્યા હતા, ત્યાં સુધીમાં છેતરપિંડી થઈ ચૂકી હતી.પીડિતા અંકલેશ્વરમાં શ્યામશિખર કોમ્પલેક્ષમાં ભારતી બ્યૂટી પાર્લર ચલાવે છે. તેમણે જણાવ્યું કે, પૈસા પરત મળી જવાની આશાએ અગાઉ ફરિયાદ ન કરી હતી, પરંતુ હવે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં અરજી કરવામાં આવી છે

### નગરપાલિકાની બેદરકારીના કારણે અકસ્માતોનો ભય

## શિનોર ચોકડી ઈન્દ્રપુરી સોસાયટી પાસે પાલિકાએ ખોદેલા ખાડામાં કાર ફસાઈ



(પ્રતિનિધિ), ડભોઇ, તા.3

ડભોઈ શિનોર ચોકડી સ્વામિનારાયણ મંદિર ની સામે ઈન્દ્રપુરી સોસાયટીમા જતા સોસાયટીના નાગરિક ની કાર નગર પાલિકાના કર્મચારીઓ દ્વારા ખોદેલા ખાડામાં ફસાઈ હતી. જો કે કાર ચાલક ની સમય સૂચકતા થી કાર ઊંડા ખાડા ની ધારે જ અટકી ગઈ હતી.જેથી કોઈ જાનહાનિ કે નુકશાન થવા પામ્યું ના હતું.

ડભોઈ શિનોર ચોકડી પાસે સ્વામી નારાયણ મંદિર ની સામે આવેલ ઈન્દ્રપુરી સોસાયટી ના નાકે નગર પાલિકા ધ્વારા પાણીની લાઇન ના સમારકામ માટે મસમોટો ઊંડો ખાડો ખોદી ખુલ્લો રાખ્યો હતો. ખાડા પાસે સાવચેતી નું બોર્ડ કે ચેતવણી આપતી લાલ ઝંડી પણ લગાવેલ ના હતી. જેથી સોસાયટી ના રહીશ પોતાની કાર લઈ ત્યાંથી નીકળતા હોય કાર ખાડા ની ધારે જ ફસાઈ ગઈ હતી.

જેથી પાલિકા ના કર્મચારીઓ ને બનાવ ની જાણ કરાતા તાત્કાલિક નગર પાલિકાનું જેસીબી બોલાવી ખાડો પુરી ગાડી કાઢી આપેલ હતી.જો પરિવાર સાથે ખુલ્લા મૂકેલા ખાડામાં કાર ખાબકે ને ગંભીર ઈજાઓ કે જાનહાનિ થાય તો જવાબદારી કોની બને.ગત વર્ષે પણ તાઈવાગા વિસ્તાર ના રહીશ માર્ગ પર થી મોટર સાયકલ લઈ ને પસાર થતા હતા ત્યારે આખી મોટર સાયકલ સાથે ઊંધા માથે ખાડામાં પટકાયા હતા. પાલિકા ના બેનમૂન બેદરકાર વહીવટ ના છાશવારે મળતા આવા ઉદાહરણો થી નગરજનો માં ભારે રોષ વ્યાપી જવા પામ્યો છે.

## ગાળો બોલવાની ના પાડતાં વૃદ્ધ અને મહિલા પર લાકડીથી હુમલો

(પ્રતિનિધિ) પાદરા, તા.3

પાદરા તાલુકાના મોભારોડ નવીનગરી વિસ્તારમાં ગાળો બોલવાની ના પાડતાં એક શખ્સે વૃદ્ધ અને મહિલાને લાકડી વડે માર મારી ઈજા પહોંચાડ્યાનો બનાવ સામે આવ્યો છે. આ અંગે વડુ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસમાંથી મળતી માહિતી મુજબ, અંબુભાઈ શિવાભાઈ બારીયા (ઉ.વ. 66), રહે. મોભારોડ નવીનગરી, તા. પાદરા દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદના આધારે ચીમનભાઈ વિઠ્ઠલભાઈ રાઠોડ વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે.

ફરિયાદ મુજબ, ગત રોજ આરોપી ચીમન રાઠોડ પોતાના ફળિયામાં જોરજોરથી અશ્લીલ અને બિભત્સ ગાળો બોલી રહ્યો હતો. જેથી ફરિયાદી તથા અન્ય સ્થાનિક લોકોએ તેને ગાળો બોલવાની ના પાડી હતી. આ બાબતે આરોપી ઉશ્કેરાઈ ગયો હતો. ત્યારબાદ આરોપીએ હાથમાં રહેલી લાકડી વડે ફરિયાદી અંબુભાઈ બારીયાના ડાબા હાથના કાંડા અને આંગળીના ભાગે માર મારી ઈજા પહોંચાડી હતી. ઉપરાંત ઘટનાસ્થળે હાજર બયજીબેન બુધાભાઈ રાઠોડને પણ માથાના ભાગે લાકડી ફટકારી ઈજા પહોંચાડ્યાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

આ બનાવ અંગે વડુ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે. અને પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી.

## ગુટખા નહિ ખાવા બાબતે બોલાચાલી બાદ યુવતીએ ઝેરી દવા પી લીધી

પાદરા : પાદરા તાલુકાના ભાણપુર ગામમાં પતિ-પત્ની વચ્ચે થયેલી સામાન્ય બોલાચાલી બાદ યુવતીએ ઝેરી દવા પી લેતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવાની ઘટના સામે આવી છે. વડુ પોલીસ મથકે નોંધાયેલા જાણવા જોગ મુજબ, ભાણપુર ગામના વચલા ફળિયામાં રહેતી પારૂલબેન કિરણભાઈ ગોહીલ (ઉ.વ. 24) ને તેમના પતિ કિરણભાઈએ વિમલ ગુટકો ખાવાની ના પાડી હતી. આ બાબતે બંને વચ્ચે સામાન્ય બોલાચાલી થઈ હતી.બોલાચાલીથી મન દુઃખ લાગતાં પારૂલબેને ઘાસ મારવાની ઝેરી દવા પી લીધી હોવાનું જાણવા મળ્યું છે. બનાવ અંગે પરિવારજનો દ્વારા તાત્કાલિક સારવાર માટે ખસેડાયા હતા.

## અપગ્રેડ કરાયેલા જનસેવા કેન્દ્રનું જિલ્લા કલેક્ટરના હસ્તે ઉદ્ઘાટન



(પ્રતિનિધિ) બોડેલી, તા.3

આ કેન્દ્રના પ્રારંભથી બોડેલી અને આસપાસના વિસ્તારના નાગરિકોને વિવિધ સરકારી સેવાઓ વધુ સરળતાથી ઉપલબ્ધ બનશે.

બોડેલી સેવાસદન ખાતે જનસેવા કેન્દ્રને આધુનિક સુવિધાઓ સાથે અપગ્રેડ કરવામાં આવ્યું છે. જિલ્લા કલેક્ટર ગાર્ગી જૈને કેન્દ્રનું લોકાર્પણ કરી ઉપલબ્ધ સેવાઓની સમીક્ષા કરી હતી. તેમણે નાગરિકોને ઝડપી, સરળ અને પારદર્શક સેવાઓ પૂરી પાડવા માટે વહીવટી તંત્રની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. જનસેવા કેન્દ્ર શરૂ થતાં હવે સ્થાનિક નાગરિકોને દાખલા, પ્રમાણપત્રો સહિતની વિવિધ સરકારી સેવાઓ માટે વધુ સુવિધા મળશે. એક જ સ્થળે અનેક સેવાઓ ઉપલબ્ધ બનતાં અરજદારોનો સમય અને ખર્ચ બંનેમાં બચત થશે કેન્દ્રના પ્રારંભને સ્થાનિક લોકોએ આવકાર્યો છે. બોડેલી અને આસપાસના વિસ્તારના રહીશોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. લોકોનું માનવું છે કે આ કેન્દ્ર સરકારી સેવાઓને વધુ સુલભ અને અસરકારક બનાવવામાં મદદરૂપ બનશે. બોડેલી સેવાસદન ખાતે શરૂ કરાયેલું અપગ્રેડેડ જનસેવા કેન્દ્ર નાગરિકોને ઝડપી અને પારદર્શક સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં મહત્વની ભૂમિકા ભજવશે.

## દીવાલો પર થતી ભીનાશ સહિતની સમસ્યાઓમાંથી મુક્તિ મળશે

વડોદરા: એશિયન પેઈન્ટ્સે તેના લોકપ્રિય એસ અને ટ્રેક્ટર ઈમલ્શન પેઈન્ટ્સમાં નવી એન્ટિ-ડેમ્પ ટેકનોલોજી રજૂ કરી છે, જે દિવાલો પર થતા વોટર-માર્ક અને ભીનાશ સંબંધિત સમસ્યાઓ સામે વધુ અસરકારક સુરક્ષા પ્રદાન કરશે. કંપનીએ ઈકોનોમી સેગમેન્ટના ગ્રાહકોને ધ્યાનમાં રાખીને આ નવીનતા રજૂ કરી છે. કંપનીના જણાવ્યા અનુસાર, નવી ટેકનોલોજી દિવાલો પર પાણીના ડાઘ દેખાવાની સમસ્યાને ઘટાડવામાં મદદ કરશે, જેથી ઘરની સુંદરતા લાંબા સમય સુધી જળવાઈ રહેશે. ઉપરાંત, એસ અને ટ્રેક્ટર ઈમલ્શનની પસંદગીની શ્રેણીઓમાં મુખ્ય કામગીરી સંબંધિત પાસાઓ પર 4 વર્ષની વૉરંટી પણ આપવામાં આવી રહી છે, જે ગ્રાહકોને વધુ વિશ્વાસ અને લાંબા ગાળાનું મૂલ્ય આપશે.

## સિંચાઈ સિઝન પૂર્ણ થયા બાદ વઢવાણા કેનાલની સફાઈ

(પ્રતિનિધિ) વડોદરા, તા.3

વઢવાણા તળાવ સર સયાજીરાવ ગાયકવાડ દ્વારા આસપાસનાં એરીયાનાં લોકોને સિંચાઈની સુવિધા મળી રહે તે માટે વર્ષ ૧૯૦૯-૧૦માં બનાવેલ હતું. જેનાથી ડભોઇ તાલુકાનાં ૨૪ ગામોને સિંચાઈની સુવિધા કાર્યપાલક ઈજનેર વડોદરા સિંચાઇ વિભાગની પેટા વિભાગીય કચેરી દ્વારા પુરી પાડવામાં આવે છે.

પેટા વિભાગીય કચેરી દ્વારા વઢવાણા કેનાલની સફાઈ અને જાળવણીનું કામ સિંચાઈ સીઝન શરૂ થાય તે પહેલાં જ આયોજનબદ્ધ રીતે શરૂ કરવામાં આવ્યું હતું. પરંતુ ખેડૂતોની માંગણીને ધ્યાનમાં રાખીને તથા પાકને જરૂરી સિંચાઈનું પાણી પૂરું પાડવા માટે કેનાલમાં સરકારશ્રીનાં પરિપત્ર અનુસાર તેમજ ખેડુતોની માંગણીને ધ્યાને રાખી એપ્રિલ મહિનાના અંત સુધી પાણી છોડવામાં આવ્યું હતું. કેનાલમાં સતત પાણી વહેતું હોવાથી તેમજ કેનાલની બંને બાજુ ખેડૂતોના ઉભા પાકને નુકસાન ન થાય તે હેતુથી સફાઈ કામગીરી કરવી શક્ય નહોતી તેથી ખેડૂતોના હિતને પ્રથમ પ્રાધાન્ય આપીને સફાઈ કાર્યને તાત્કાલિક સ્થગિત રાખવામાં આવ્યું હતું.

હાલમાં સિંચાઈ સીઝન પૂર્ણ થયા બાદ કેનાલમાંથી પાણી બંધ કરવામાં આવ્યું છે અને જરૂરી મશીનરી તથા સ્ટાફને સ્થળ પર તૈનાત કરીને કેનાલની સંપૂર્ણ સફાઈ, ઝાડ-ઝાંખર દૂર કરવાની કામગીરી તથા જરૂરી જાળવણીનું કામ યુદ્ધના ધોરણે ચાલી રહ્યું છે.

## પાદરાની સરકારી શાળાઓના વિદ્યાર્થીઓને નિ:શુલ્ક ફુલસ્કેપ ચોપડાનું વિતરણ



(પ્રતિનિધિ) પાદરા, તા.3


45 દિવસના ઉનાળાના વેકેશન બાદ શાળાઓમાં નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. આ પ્રસંગે વિદ્યાર્થીઓને શિક્ષણ માટે જરૂરી સહાય પૂરી પાડવાના હેતુથી પાદરા APMCના ડિરેક્ટર તથા સ્માર્ટ ઈન્સ્યોરન્સના સંચાલક અલ્પેશભાઈ પટેલ અને તેમની ટીમ દ્વારા પાદરા તાલુકાની વિવિધ સરકારી શાળાઓના વિદ્યાર્થીઓને નિઃશુલ્ક ફુલસ્કેપ ચોપડાનું વિતરણ કરવામાં આવ્યું છે.

અલ્પેશભાઈ પટેલ દ્વારા દર વર્ષે વિવિધ સેવાકીય અને સામાજિક કાર્યો કરવામાં આવે છે. આ વર્ષે પણ નવા શૈક્ષણિક સત્રને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થી દીઠ છ-છ નંગ ફુલસ્કેપ ચોપડાનું વિતરણ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. બુધવારના રોજ પાદરા ખાતે આવેલી સ્માર્ટ ઈન્સ્યોરન્સની ઓફિસથી આ સેવા અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે સ્માર્ટ ઈન્સ્યોરન્સના અલ્પેશભાઈ પટેલ, પાદરા વકીલ મંડળના પ્રમુખ દીપકભાઈ પ્રજાપતિ, દરાપુરાના આગેવાન સમીર ગાંધી, વિનયભાઈ પટેલ સહિત ટીમના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ વિદ્યાર્થીઓના શૈક્ષણિક વિકાસ માટે આવા સેવાકીય કાર્યોની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

આ ચોપડા વિતરણ કાર્યક્રમ આગામી સાત દિવસ સુધી ચાલનાર હોવાનું આયોજકો દ્વારા જણાવવામાં આવ્યું છે. આ પહેલથી તાલુકાની વિવિધ સરકારી શાળાઓના અનેક વિદ્યાર્થીઓને સીધો લાભ મળશે અને નવા શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં તેમને જરૂરી શૈક્ષણિક સામગ્રી ઉપલબ્ધ થશે.

## બહાદરપુર ગામમાં હોમગાર્ડઝ જવાનોનો રાઈફલ ફાયરિંગ કેમ્પ



(પ્રતિનિધિ) સંખેડા, તા.3

સેન્ટ્રલ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યુટ (જરોદ) ખાતે હોમગાર્ડઝ જવાન માટે તા.૨૩/૦૫/૨૬ થી તા.૦૫/૦૬/૨૬ રાજ્યકક્ષા એડવાન્સ તાલીમ કેમ્પ નું આયોજન કરવામાં આવેલ છે જેના ભાગ રૂપે તારીખ ૦૩/૦૬/૨૬ ના રોજ છોટાઉદેપુર ના બહાદરપુર ફાયરિંગ રેન્જ ખાતે જુદા જુદા જિલ્લાના 148 તાલીમાર્થી હોમગાર્ડઝ સભ્યો નું પોઈન્ટ ૩ નોટ ૩ રાઈફલ દ્વારા ફાયરિંગ કરવામાં આવેલ જેમાં રેન્જ ઓફિસર તરીકે છોટાઉદેપુર જિલ્લા કમાન્ડન્ટ શ્રી નાહરસિંહ પરમાર , CTI કેમ્પ કમાન્ડન્ટ જશવંતસિંહ રાઠોડ, ટ્રેનિંગ ઓફિસર કૃપાલસિંહ ગોહિલ, સંદીપ ગઢવી તેમજ હવાલદાર ઈન્સ્ટ્રક્ટર શ્રી જી કે ચાવડા તથા યુવરાજસિંહ પરમાર, મયુર ભાદરકા, કાનજી જાડેજા, ડે.કેમ્પ કમાન્ડન્ટ સંજય નિકમ તેમજ અન્ય માનદ ઈન્સ્ટ્રક્ટર ની દેખરેખ હેઠળ હોમગાર્ડઝ જવાન પાસે ફાયરિંગ કરાવવામાં આવ્યું હતું.

### માર્ગ પરથી પસાર થતા ભારે વાહનો અને રોજિંદા મુસાફરોને હાલાકી

## છોટાઉદેપુરના તેજગઢ - ઝોઝ રોડ પર રેલવે ગરનાળાના સાઈડની એંગલ તૂટી



(પ્રતિનિધિ), છોટાઉદેપુર, તા.3

છોટાઉદેપુર જિલ્લાના તેજગઢ-ઝોઝ માર્ગ પર આવેલા રેલવે ગરનાળાના સાઈડમાં લગાવવામાં આવેલી લોખંડી એંગલ તૂટી જતાં પુલના એક ભાગને નુકસાન પહોંચ્યું હોવાનું સામે આવ્યું છે. ઘટનાના કારણે માર્ગ પરથી પસાર થતા વાહનચાલકો તેમજ રોજિંદા મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

સ્થાનિક ગ્રામજનોના જણાવ્યા અનુસાર, છેલ્લા કેટલાક સમયથી આ માર્ગ પર ભારે વાહનોની અવરજવર સતત વધી રહી છે. ખાસ કરીને રેતી ભરેલા વાહનોના અતિશય દબાણને કારણે પુલની સ્થિતિ નબળી બની હોવાનું ચર્ચાઈ રહ્યું છે. પુલના સાઈડનો ભાગ તૂટી જતાં અકસ્માતનો ભય પણ સર્જાયો છે.

ગ્રામજનોએ આક્ષેપ કર્યો છે કે વિસ્તારમાં ચાલી રહેલા રેતી ખનન અને રેતી ભરેલા ભારે વાહનોની અવરજવરના કારણે જાહેર માર્ગો અને પુલોને નુકસાન પહોંચી રહ્યું છે, જેના કારણે સામાન્ય નાગરિકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

સ્થાનિકોએ સંબંધિત વિભાગ અને તંત્ર સમક્ષ માંગ કરી છે કે તૂટેલી એંગલ અને ક્ષતિગ્રસ્ત ભાગનું તાત્કાલિક સમારકામ કરવામાં આવે તેમજ માર્ગની સુરક્ષા માટે જરૂરી પગલાં ભરવામાં આવે, જેથી કોઈ અનિચ્છનીય અકસ્માત ન સર્જાય.